| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૨–૧૧–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૨–૧૧–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૬–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૫ ૦૪ |

**મે. રાણાવાવના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ શ્રી ની અદાલતમાં, મું. રાણાવાવ.**

**ફોજદારી કેસ નં. ૯૧૧/૨૦૨૩**
**આંક–૩૭.**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : **સરમણભાઈ રાણાભાઈ મકવાણા**

ઉ.વ.૬૦

રહે. બાપોદર ગામ,

તા.રાણાવાવ, જી.પોરબંદર.

**ગુનો :– ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૫, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨) મુજબ.**

........................................................................................................................

ફરીયાદ પક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે. એલ. ઓડેદરા.

આરોપીપક્ષ.........તરફે : વિ. વકીલ શ્રી એમ. એ. મંઘેરા.

........................................................................................................................

**<u>-:: ઠ રા વ ::-</u>**

**<u>(૧). ફરીયાદપક્ષ ના કેસ ની હકીકત :</u>-** આ કામનાં આરોપીએ ગઈ તા.૧૮/૦૯/૨૦૨૩ નાં કલાક ૧૧:૦૦ વાગ્યે બાપોદર ગામના બસ સ્ટેન્ડ પાસે, રબારી કેડાના નાકે જાહેરમાં આ કામનાં ફરીયાદીને કહેલ કે, તું મારી ગામમાં ખોટી વાતો કરે છે કે, હું તારા દિકરાને તારી વિરૂધ્ધમાં ચડામણી કરૂ છું, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ આ કામનાં ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, લાકડીથી શરીરે કમરનાં ભાગે આડેધડ માર મારી, કમરના ભાગે ફ્રેકચર કરી નાંખી, ગંભીર ઈજા પહોંચાડી આ કામનાં ફરીયાદી તથા સાહેદ વાલીબેનને જાનથી મારી નાખવાની ધમકી આપીને ગુન્હો કરતા, આ કામનાં ફરીયાદીએ રાણાવાવ પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૧૧૨૧૮૦૧૫ ૨૩૦૫૭૪/૨૦૨૩ થી ફરીયાદ કરતા તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા,અત્રેની કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) મુજબના ગુના નું ચાર્જશીટ કરેલ છે.

**<u>(૨). ગુના નું સંજ્ઞાન :</u>-** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલત માં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ-૧૯૦ (૧) (બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હા અંગે નું સંજ્ઞાન લઈ સંહિતા ની કલમ-૨૦૪ અન્વયે સમન્સ કાઢતા આરોપી હાજર થયેલ હતા, તેઓને સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડેલ અને આરોપી સામે સદર ગુનાનુ **આંક-૦૪** થી ગુનાનું તહોમતનામું તથા **આંક-૦૫** થી પ્રાથમિક જવાબ (નિવેદન) લેતા ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**<u>(૩). પુરાવો :</u>**– ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે

**<u>–: મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૬ | ઘેલાભાઈ અરજણભાઈ મકવાણા | ફરીયાદી |
| (૨) | ૧૩ | મુકેશભાઈ દ્વારકાદાસ જોષી | પંચસાહેદ |
| (૩) | ૧૬ | ઈમ્તીયાઝ ઉંમરમીયા પીરજાદા | પંચસાહેદ |
| (૪) | ૧૮ | હીરીબેન બાવનભાઈ મકવાણા | સાહેદ |
| (૫) | ૧૯ | રાજાભાઈ પુંજાભાઈ કોડીયાતર | સાહેદ |
| (૬) | ૨૩ | વાલીબેન ઘેલાભાઈ મકવાણા | સાહેદ |
| (૭) | ૨૬ | ડો.સિધ્ધરાજ માલદેભાઈ દિવરાણીયા | એમ.ઓ. |
| (૮) | ૩૦ | હરદાસભાઈ વરજાંગભાઈ કનારા | ત.ક.અ. |

**<u>–: દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૪ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| (૩) | ૧૫ | આરોપીનું અટક પંચનામુ |
| (૪) | ૨૭–૨૮ | એકસ–રે |
| (૫) | ૨૯ | ફરીયાદીનું ઈજા અંગેનું સર્ટીફીકેટ |
| (૬) | ૩૧ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| (૭) | ૩૨–૩૩ | હથિયારબંધીનું જાહેરનામુ |

**(૪). વિષેશ નિવેદન :–** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ મૌખીક વિનંતી થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતા આ કામે રજુ થયેલ પુરાવો જોતાં ક્રિ. પ્રો. કોડ ની કલમ–૩૧૩ અન્વયે આરોપી એ તેમની વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે નું વિશેષ નિવેદન નોંધેલ જેમાં જણાવેલ છે કે અમો એ ફરીયાદી ને લાકડી વડે માર મારેલ નથી કે તેઓ ને કોઈ ઈજાઓ કરેલ નથી, અન્ય સાહેદો ફરીયાદી ના સગા થતા હોવા થી ખોટી જુબાની આપેલ છે અને પોતાની સામે ખોટો કેસ કરેલ હોવા નુ અને નિર્દોષ છે તેવુ જણાવેલ છે તેમજ સોગંદ ઉપર પુરાવો આપવો કે બચાવ માં સાહેદ તપાસવાનો ઈન્કાર કરેલ છે.

**(૫). દલીલ :–**આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, આરોપી સામે આઈ.પી.સી. કલમ–૩૨૩,૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ના ગુના નો આક્ષેપ છે, આ કામે ફરીયાદી એ તથા ફરીયાદી ના પત્ની વાલીબેન બનાવ ને નજરે જોનાર સાહેદ એ ફરીયાદ હકીકત મુજબ પુરાવો આપેલ છે તેમજ અન્ય હીયરસે સાહેદો તથા ડોકટર શ્રી ના પુરાવા થી આરોપી એ ફરીયાદી ને લાકડી ગોળા ના ભાગે મારી દઈ માર મારી ને કરેલ ઈજાઓ ને સમર્થન મળે છે. આમ, ફરિયાદપક્ષે ફરીયાદ હકીકતને નિ:શંકપણે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય, આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હા ના આવશ્યક તત્વો પુરવાર થયેલ હોય તેથી આરોપી ને તકસીરવાર ઠરાવી કાયદાથી નિર્ધારીત મહતમ સજા કરવી જોઈએ.

**આ કામે આરોપી/બચાવપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી એસ.એ.મંધેરાનાંઓ એ** દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ ૩ દિવસ ફરીયાદ મોડી કરવાનું કોઈ કારણ ફરીયાદ કે એફ.આઈ.આર. માં જણાવેલ નથી. આ કામે રજુ મેડીકલ સર્ટીફીકેટ જોતાં તા.૧૭/૦૯/૨૦૨૩ નાં રોજ સવારના ૧૧:૦૦

વાગ્યે ઈજા થયેલી છે, જયારે સારવાર લેવા માટે તા.૧૮/૦૯/૨૦૨૩ નાં બપોરના બે વાગ્યે જાય છે. ૨૪ કલાક પછી સારવાર લેવા માટે જાય છે અને ફરીયાદ માં બનાવ ની તારીખ જુદી જણાવેલ છે. ફરીયાદીની જુબાની જોતાં મને લાકડી જમણા ભાગે ગોળાના ભાગે લાકડી મારેલ હતી તે હકીકત ફરીયાદ માં જણાવેલ નથી કે તપાસમાં પણ આ હકીકત આવેલ નથી તે હકીકત ફરીયાદ માં લખાવેલ નથી. **આ કામે લખમણ ગીગા તથા દાસાભાઈનું કોઈ નિવેદન લેવા માં આવેલ નથી અને અધુરી તપાસ કરેલ છે.** આ કામે ફરીયાદીના કુટુંબ ના સભ્યોના જ નિવેદન લીધેલ અને તેઓ હીચરસે સાહેદ છે જેથી તેમની જુબાની ઉપર વિશ્વાસ રાખી શકાય નહીં. ફરીયાદીના પત્ની કોઈ બનાવ નજરે જોયેલ નથી. આ કામે પંચો હોસ્ટાઈલ હોવા થી પંચનામા ની હકીકત પુરવાર થયેલ નથી. આ કામે તપાસેલ ડોકટર શ્રીએ લાકડી વડે ઈજા થયેલ હોય તેવુ હું ચોકકસપણે કહી શકુ નહીં તેવુ જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તેઓનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**(૬). મુદદાઓ :-** ફરીયાદ હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દા ઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૧૮/૦૯/૨૦૨૩ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે બાપોદર ગામના બસ સ્ટેન્ડ પાસે, રબારી કેડના નાકે જાહેરમાં ફરીયાદીને કહેલ કે, 'તું મારી ગામમાં ખોટી વાતો કરે છે, હું તારા દિકરાને તારી વિરૂધ્ધમાં ચડામણી કરૂ છું' તેમ કહી

ને ફરીયાદીને લાકડી થી શરીરે કમરના ભાગે આડેધડ માર મારી, કમરના ભાગે ફ્રેકચર કરી સ્વૈચ્છાપૂર્વક ગંભીર ઈજાઓ પહોંચાડીને **ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨). તમો આરોપીએ ઉપરોકત બનાવના સમયે અને સ્થળે ફરીયાદી તથા સાહેદ ને ભુંડી ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી **ઈ.પી.કો. કલમ–૫૦૪,૫૦૬ (૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૩). શુ હુકમ ?

**(૭). મુદદા ના જવાબો :–** સદર મુધ્દાઓ પરત્વે આ કોર્ટ નો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

## ઉપરોકત નિર્ણયો ના મારા કારણો નીચે મુજબ.

**(૮). ન્યાયશાસ્ત્ર નો સિધ્ધાંત :–** ન્યાયશાસ્ત્ર ના સ્થાપિત સિધાન્ત મુજબ 'પુરવાનુ મુલ્યાંકન' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાલબ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કઈ રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજાગો પર આધારીત હોય છે. પુરાવા નું મુલ્યાંકન નો આધાર પુરાવાના કાયદા ની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહી માં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાના કેસ ની હકીકતો શંકાથી પરે સાબિત કરવાની હોય છે. ફોજદારી

કાર્યવાહી ના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી પરંતુ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ રજુ થયેલી બાબતો પર થી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને લઈ આ કેસની હકીકતોનુ નિરીક્ષણ કરવાનુ રહે છે.

**(૯). મુદદા નં.૦૧ :-** મુદા નંબર-૦૧ ની ચર્ચા કરીયે તો તેમા ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે**, આ કામનાં આરોપીએ ગઈ તા.૧૮/૦૯/૨૦૨૩ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે બાપોદર ગામના બસ સ્ટેન્ડ પાસે, રબારીકેડના નાકે જાહેરમાં ફરીયાદીને કહેલ કે, 'તું મારી ગામમાં ખોટી વાતો કરે છે, હું તારા દિકરાને તારી વિરૂધ્ધમાં ચડામણી કરૂ છું' તેમ કહીને ફરીયાદીને લાકડીથી શરીરે કમરના ભાગે આડેધડ માર મારી, કમરના ભાગે ફ્રેકચર કરી સ્વૈચ્છાપૂર્વક ગંભીર ઈજાઓ પહોંચાડીને ઈ.પી.કો. કલમ-૩૨૫, ૩૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?** આમ, આ મુદ્દા ની રચના અને તેનો પ્રકાર જોતા નિશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ના માથે રહેલો છે. હવે આ બાબતે પ્રથમ ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

આ કામે **ફરીયાદી ઘેલાભાઈ અરજણભાઈ મકવાણાને આંક-૦૬ થી** સોગંદ ઉપર જુબાની માં જણાવેલ છે કે, અમારી સાથેનો બનાવ ત્રણેક મહિના અગાઉ સવારના આગીયારેક વાગ્યે બનેલો. બનાવના દિવસે હું ઘરેથી નીકળેલો ત્યારે રોડ ઉપર સરમણભાઈ ભેગા થયેલા અને ત્યાં બોલાચાલી થયેલી અને સીધુ મને લાકડી જમણી બાજુ ગોળાના ભાગે મારેલી. આ લાકડી મારતા હું નીચે પડી ગયેલો

અને તે ગાળો દેતો હતો. પછી મારી બાઈ વાલીબેન ત્યાં આવેલ અને એમને પણ ગાળો દેવા લાગેલ. બનાવ બનવાનું કારણ એ છે કે, મારા છોકરાને દબાવતા હતા. હું પડી ગયા બાદ છોકરા મારી ઘરવાળીને બોલાવી આવેલ અને બીજા પણ ત્યાં આવેલ અને મને ઉપાડીને ઘરે લઈ ગયેલ અને ઘરેથી રાજાભાઈને બોલાવેલ અને તેઓ રીક્ષા લઈને આવેલ અને રીક્ષામાં પોરબંદર સરકારી દવાખાને લઈ ગયેલ. સરકારી દવાખાને દાખલ કરેલ અને ત્યાં સારવાર લીધેલ અને ફરીયાદ કરેલ અને એક મહિનો દાખલ રહેલ. મને જે લાકડી વડે મારવામાં આવેલ તે લાકડી મને બતાવવામાં આવે તો હું તે લાકડી ઓળખી શકુ નહી. તેઓએ આપેલ ફરીયાદ **આંક–૦૭** માં પોતાના અંગુઠાની છાપ ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં **એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** મે બનાવના દિવસે કોઈ ફરીયાદ કરેલ નથી. કહેવાતા બનાવના દિવસે હું સારવાર માટે ગયેલ નથી, મારા ઘરેથી રસ્તો દશેક મિનીટ ચાલીને જતા થાય એટલો દુર આવેલો છે. રસ્તાની આજુબાજુમાં દુકાન આવેલી છે, સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે, થોડી દુર છે. આ દુકાન લખમણ ગીગાભાઈની આવેલ છે. હું દવાખાને ગયેલ તે બીજા દિવસે ગયેલ. મારી સાથે દવાખાને મારી પત્ની આવેલ. તેઓને બે જ લોકો લખમણ ગીગા અને દાસાભાઈ ઉપાડવા આવેલા અને આ બે જ જણા બનાવવાળા સ્થળે આવેલા અને તે જ મને ઘરે લઈ ગયેલા બીજા કોઈ ન હતા. આ વખતે મારા દિકરાનો દિકરો ભણીને આવતો હતો. હું ઘરેથી નીકળેલો ત્યારે રોડ ઉપર સરમણભાઈ ભેગા થયેલા અને ત્યાં બોલાચાલી થયેલી અને સીધુ મને લાકડી જમણી બાજુ ગોળાના ભાગે મારેલી. આ લાકડી મારતા હું નીચે પડી ગયેલો અને તે ગાળો દેતો હતો તેવી હકિકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. બનાવ બનવાનું

કારણ એ છે કે, મારા છોકરાને દબાવતા હતા. હું પડી ગયા બાદ છોકરા મારી ઘરવાળીને બોલાવી આવેલ અને બીજા પણ ત્યાં આવેલ અને મને ઉપાડીને ઘરે લઈ ગયેલ અને ઘરેથી રાજાભાઈને બોલાવેલ અને તેઓ રીક્ષા લઈને આવેલ અને રીક્ષામાં પોરબંદર સરકારી દવાખાને લઈ ગયેલ તેવી હકિકત મારી ફરીયાદમાં લખાવેલ નથી અને આ હકિકત પહેલી વખત નામદાર કોર્ટમાં જણાવુ છુ. આરોપીએ કોઈ ગાળો બોલેલ હોય તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મારી ફરીયાદમાં કરવામાં આવેલ નથી. મને પગના ગોળામાં ઈજા થયેલ ની હકિકત મારી ફરીયાદમાં જણાવેલ નથી.

**<u>એ હકીકત નો ઈન્કાર કરેલ છે કે,</u>** બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા, ત્યાં બે જ જણા આવેલા અને મને ઉપાડવા આવેલા. મે જણાવ્યા મુજબનો કોઈ બનાવ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ નથી. હું પડી જવાથી ઈજા થયેલ હોવા છતાં મેં આરોપી વિરૂધ્ધ ખોટી હકિકતોવાળી ફરીયાદ કરેલ છે અને તે ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૯.૧). ફરીયાદપક્ષ તરફે **<u>બનાવવાળી જગ્યા ના તથા આરોપી ને મુદ્દામાલ સાથે અટક કર્યાના</u>** પંચ સાહેદ શ્રી મુકેશભાઈ દ્વારકાદાસ જોષીને આંક-૧૩ થી તથા પંચસાહેદ શ્રી ઈમ્તીયાઝ ઉમરમીયા પીરજાદા ને આંક-૧૬ થી તપાસેલ છે પરંતુ તેઓએ આંક-૧૪ તથા આંક-૧૫ ના પંચનામા માં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય ની પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

(૯.૨). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ હીરીબેન બાવનભાઈ મકવાણા ને આંક-૧૮</u>** થી સોંગદ પર જુબાની માં જણાવેલ છે કે હું બાપોદર ગામે મારા

પતિ સાથે મારા સાસુ–સસરા થી અલગ રહુ છુ. મારા પતિનું નામ બાવન છે. ઘેલાભાઈ મારા સસરા થાય છે. મારા સસરા સાથે બનાવ આશરે બેક વર્ષ જેવો સમય થયેલો હશે. બનાવ સમયે હું ખળ લેવા ગયેલ હતી અને પરત આવેલ ત્યારે મારા સાસુને મેં પુછતા તેઓએ મને જણાવેલ કે, સરમણ રાણા મારીને જતા રહેલ છે, સરમણ રાણાએ લાકડી કમરનાં ભાગે મારેલી ત્યારબાદ રાજાભાઈ રીક્ષા લઈને આવેલ હતા અને સરકારી દવાખાને લઈ ગયેલા સાહેદ આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે.

ઉલટતપાસમાં તેઓએ **એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** મને ગુજરાતી લખતા કે વાંચતા આવડતુ નથી. મારા સસરાને જે દિવસે લાગેલ તે દિવસે દવાખાને ગયેલ નહી. કહેવાતા બનાવ અંગે મને કોઈ અંગત જાતમાહીતી નથી. મારા સસરાને ગોળો ભાંગી ગયેલ હોય કે તેની સારવાર લીધેલ હોય તેની કોઈ હકીકત મારા નિવેદનમાં લખેલ નથી. બનાવ સમયે આજુબાજુનાં માણસો મુકી ગયેલા તેવું મારા નિવેદનમાં લખેલ છે તે વ્યકિતઓને હું ઓળખું છુ આજુબાજુ વાળામાં એક લખમણભાઈ બીજા થોડે છેટે રહે છે તે ભાઈનું નામ હું ભુલી ગયેલ છુ. સરમણભાઈ મારા સસરાનાં કાકાનાં દિકરા થતા હોય તેથી પહેલેથી જ હું તેઓને ઓળખુ છુ.

એ **<u>હકીકત નો ઈન્કાર કરેલ છે કે,</u>** આ હકીકત મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં, ફરીયાદી મારા સસરા થતા હોય તેથી તેની ખોટી ફરીયાદને સમર્થન આપવા સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે અને ખોટી જુબાની આપુ છુ.

**(૯.૩).** આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ રાજાભાઈ પુંજાભાઈ કોડીયાતરને આંક–૧૯</u>** થી તપાસેલ છે તેઓ એ જણાવેલ છે કે, અમો રીક્ષા ડ્રાઈવીંગનો ધંધો કરીએ છીએ. ઘેલાભાઈ અરજણભાઈ મકવાણા મારા કુવા થાય છે અને તેઓ બાપોદર ગામે રહે છે.

તેમની સાથે બનેલા બનાવ ને આશરે એકાદ વર્ષ જેવો સમય થયેલો હશે. બનાવ વખતે હું રાણાવાવ હતો, બનાવ અંગે મારા ફૈઈ વાલીબેનનો ફોન આવેલો અને કહેલ કે દવાખાને જવુ છે જેથી હું બાપોદર ગયેલો અને મારા કુવા ઘેલાભાઈને ત્યાંથી પોરબંદર સરકારી દવાખાને રીક્ષામાં બેસાડીને લઈ ગયેલ હતો. મારા કુઈએ મને જણાવેલ કે મારા કુવા ઘેલાભાઈને સરમણભાઈએ મારી દીધેલ છે તેવુ જણાવેલ હતુ. મારા કુવાને કમરનાં ભાગે મારેલ હતુ અને સરકારી દવાખાને તેઓના એકસ–રે કરવાતા તેઓને કમરનાં ભાગે ગોળાનું ફ્રેકચર હોવાનું જાણવા મળેલ.

ઉલટતપાસમાં તેઓએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** મેં કોઈ બનાવ નજરે જોયેલ નથી. બનાવ કયારે અને કઈ રીતે બનેલ તેની મને કોઈ અંગત જાત માહીતી નથી. મારા નિવેદનમાં કમરનાં ભાગે ગોળાનું ફ્રેકચર થયેલ હોવાની કોઈ હકીકત લખેલ નથી. મારી રીક્ષાનાં કોઈ નંબર મારા નિવેદનમાં લખેલ નથી. મને કયા નંબર ઉપર થી કયા નંબર ઉપર ફોન આવેલો તેવા કોઈ નંબર પણ મારા નિવેદનમાં લખેલ નથી. મને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. મારા કુવાને તા.૧૮/૦૯/૨૩ નાં રોજ લાગેલ હતુ તેવું મારા નિવેદનમાં લખેલ છે.

એ **હકીકત નો ઈન્કાર કરેલ છે કે,**આ કામનાં ફરીયાદી મારા કુવા થતા હોવાથી તેમને સમર્થન આપવા હું ખોટી જુબાની આપુ છુ.

**(૯.૪). સાહેદ વાલીબેન ઘેલાભાઈ મકવાણાને આંક–૨૩** થી તપાસેલ છે તેઓ એ જણાવેલ છે કે, હું બાપોદર ગામે મારા પતિ સાથે રહુ છુ. મારે સંતાનમાં ચાર દીકરા–દીકરી છે. ઘેલાભાઈ મારા પતિ થાય છે. મારા પતિ સાથેનો બનાવ બનેલો તેને આશરે બે થી ત્રણ વર્ષ જેવો સમય થયેલો હશે. બનાવ બનેલ ત્યારે સવારે અગીયારેક વાગ્યા હતા. હુ અભણ છુ. બનાવ સમયે હું અને મારા પતિ ઘરે હતા અને મારા પતિ ઘરની બહાર રાણાવાવ જવા નીકળેલા હતા ત્યારે અમારા

ઘરેથી પચ્ચીસેક મીટર દુર પહોચતા ત્યા સરમણ રાણા મારા પતિને ભુટકી ગયેલ (સામા મળ્યા) હતા ત્યારે મે દેકારાનો અવાજ થતા મારા ઘરની બહાર નીકળીને જોયેલ કે મારા પતિને સરમણ રાણાએ લાકડી કમરના ભાગે મારી દીધેલ જેથી મારા પતિ પડી ગયેલ અને મારા પતિને કમરના ભાગે પાટુ (પગેથી) મારતા હતા. હુ ત્યા ગયેલ એટલે સરમણ રાણા ત્યાથી ભાગી ગયેલ અને ગાળો બોલતા હતા અને બનાવના સ્થળેથી મારા પતિને ઉપાડીને લખમણ ગીગા તથા નાગાભાઈ અમારી ઘરે મુકી ગયેલ ત્યારબાદ અમોએ મારા ભત્રીજા રાજાભાઈને ફોન કરીને બોલાવેલ. ત્યારબાદ રીક્ષા લઈને રાજાભાઈ આવેલ હતા અને તેમા સુવડાવીને પોરબંદર સરકારી દવાખાને લઈ ગયેલા હતા. ત્યા મારા પતિનુ ઓપરેશન કરવામા આવેલ અને નવેક દીવસ રોકાયેલ હતા. ઓપરેશન ગોળાનુ કરેલ હતુ ગોળો ભાંગી ગયેલ હતો. સાહેદ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ઉલટતપાસમાં **એ હકીકતો નો સ્વીકાર કરેલ છે કે,** મારા ઘરની આજુબાજુ ઘણા મકાન આવેલ છે. મને ચતુદીશામા ખબર પડતી નથી. મારા ઘરથી રોડ ૩૦ ફુટ દુર થાય છે. મારા ઘરના દરવાજાની બાજુમાં બીજા વ્યકિતનુ મકાન આવેલ છે. ''ત્યારે અમારા ઘરેથી પચ્ચીસેક મીટર દુર પહોચતા ત્યા સરમણ રાણા મારા પતિને ભુટકી ગયેલ(સામા મળ્યા) હતા'' તે મારા નીવેદનમાં લખાવેલ નથી. મારા પતિને કમરના ભાગે પાટુ(પગેથી) મારતા હતા તેવુ મારા નીવેદનમાં લખાવેલ નથી. ''બનાવના સ્થળેથી મારા પતિને ઉપાડીને લખમણ ગીગા તથા નાગાભાઈ અમારી ઘરે મુકી ગયેલ હતા'' તેવી હકીકત મારા નીવેદનમાં લખાવેલ નથી. ''મારા પતિનો ગોળો ભાંગી ગયેલ હતો અને ઓપરેશન ગોળાનુ કરવામાં આવેલ હતુ અને નવ દીવસ રોકાયેલ હતા'' તેવુ મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. સરમણભાઈ શુ ગાળો કાઢતા હતા તે પણ મારા પોલીસ રૂબરૂના નીવેદન માં લખાવેલ નથી.

મે રાજાભાઈને ફોન કરેલ તેવી હકીકત પણ મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. મારા નીવેદનમાં રાજાભાઈની રીક્ષાના નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારી પાસે કોઈ મોબાઈલ રહેલ નથી. મારા ઘરે મારા વહુ પાસે મોબાઈલ હોય તેનાથી ફોન કરી રાજાભાઈને બોલાવેલ.

એ **હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** અમોએ કોઈ ફોન કરેલ નથી. મારા પતિએ આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ અને તે ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૯.૫). આ કામે **ફરીયાદપક્ષ તરફે સાહેદ ડો. સિધ્ધરાજ માલદેભાઈ દિવરાણીયા ને આંક–૨૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ અમો ભાવસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે સમયે દર્દી ઘેલાભાઈ અરજનભાઈ મકવાણા, ઉ.વ.૭૦ વાળા જાતે પોલીસ યાદી વગર મારી પાસે સારવાર માં આવેલા અને તેઓ બપોરના ૦૨:૧૨ મીનીટે આવેલા હતા જેમને અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર આપેલી. આ દર્દીને ઈન્ડોર કેસ નંબર– ૧૫૭૮૭૭ થી સારવાર આપવામાં આવેલ હતી. આ દર્દીને તપાસતા તેઓ સભાન અવસ્થામાં હેતા તેઓ આજુબાજુના વાતાવરણ તથા સમય અને સ્થળથી પરીચીત હતા અને આ દર્દી સારવાર માટે આવેલ તે બાબતની પોલીસને જાણ કરેલ હતી. આ દર્દીને પુછતા તેમ અને હીસ્ટ્રીમાં જણાવેલ કેલ તેઓને સરમણ રાણા મકવાણા (તેમના કૌટુંબીક ભાઈ) દ્વારા લાકડી વડે અને પગેથી તા.૧૭/૦૯/૨૦૨૩ ના સવારના ૧૧:૦૦ વાગ્યે માર મારેલની હકીકત જણાવેલ હતી. આ દર્દીને જમણા પગમાં અને જમણી સાઈડના ઢાંઢાના ભાગે દુખાવાની ફરીયાદ હતી. આ દર્દીનો

જમણો પગ ગોઠણથી અને ઢાંઢાના ભાગેથી વળતો ન હતો. આ દર્દીના જમણા ભાગના ઢાંઢાના ભાગના એકસ–રે કરવામાં આવેલ હતા અને આ એકસ–રે માં હીપ જોઈન્ટ નેક ઓફ ફીમર ફેકચર (ઢાંઢાના સાંધાના ભાગે) જોવામાં આવેલ હતું. આ એકસ–રે તેઓએ **આંક–૨૭ તથા આંક–૨૮** થી રજુ રાખેલ છે,ઉપર મુજબ ની ઈજાઓ લાકડી વડે માર મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. આ દર્દીને તા.–૦૩/૧૦/૨૦૨૩ ના રોજ રાત્રી નાં ૧૦–૩૫ કલાકે ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા. આ ઈજા જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો ૧ થી ૨ મહીનામાં રુઝાય જાય તેવી હતી. આ દર્દીને ઈજા અંગેનુ સર્ટીફીકેટ મેં મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ છેલ જે સર્ટીફીકેટ **આંક–૨૯ માં** નીચે મારી સહી તથા મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલલ પોરબંદરનો સીકકો મારેલ છેલ જે ઓળખી બતાવેલ છે, તેઓને મુદ્દામાલ પાવતી નં.૭૫/૨૩ નાં આર્ટીકલ નં.૧ વાળી એક લાકડી બતાવવામાં આવતા તે જોઈ ને કહે છે કે દર્દીને થયેલ ઈજા આ લાકડી વડે થઈ શકે.

ઉલટતપાસમાં **એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** ઈજા પામનાર પોલીસ યાદી સાથે અમારી પાસે આવેલા નહીં. પોલીસે મારૂ કોઈ નિવેદન કે પુછપરછ કરેલ નથી. બનાવ અંગે અમોને કોઈ જાત માહિતી નથી. મેડીકલ સર્ટીફીકેટમાં ઈજા પામનાર જાતે આવેલા તેવુ લખેલ છે. ઈજા પામનારને ઈજા તા.૧૮/૦૯/૨૦૨૩ નાં રોજ થયેલ નથી. મેડીકલ સર્ટીફીકેટમાં એઈજ ઓફ ઈન્જરી જણાવેલ નથી. મેડીકલ સર્ટીફીકેટમાં કમર ના ભાગે ઈજા થયેલાનું જણાવેલ નથી કે ઈજા પામનારે તેમને કમરના ભાગે ઈજા થયેલાની હકીકત જણાવેલ નથી. મુદ્દામાલ લાકડી મને બતાવેલ છે તેના વડે ઈજા થઈ હોય તેવુ હું ચોકકસપણે કહી શકું નહીં.

એ **<u>હકીકતનો ઈન્કાર કરેલ છે કે,</u>** મેડીકલ સર્ટીફીકેટમાં જણાવેલ ઈજા પથરાળ જગ્યા ઉપર પડવાથી પણ થઈ શકે.

**(૯.૬).** આ ગુનાની તપાસ કરનાર અમલદાર **<u>હરદાસભાઈ વરજાંગભાઈ કનારાને આંક–૩૦</u>** થી તપાસેલ છે તેઓ એ જણાવેલ છે કે, અમો ગઈ તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ અમો રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પો.હેડ કોન્સ તરીકે મારી ફરજ પર હતા. આ દરમ્યાન રાણાવાવ પો.સ્ટે.નાં ગુ.ર.નં.પાર્ટ–બી–૦૫૭૪/૨૦૨૩, આઈ.પી.સી કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) વિ. મુજબના ગુનાની આગળની તપાસ અમારા તરફ લેખીત હુકમથી કરતા આ કામની તપાસ સંભાળેલી અને તપાસથી વાકેફ થયેલ અને તપાસનાં કામે સાધનીક કાગળો મેળવેલા. અમોને તપાસ સોંપતો ડેપ્યુટ હુકમ **<u>આંક–૩૧</u>** માં પી.એસ.ઓ.મંજુબેન ઓડેદરાનાઓની સહી ઓળખી બતાવે છે. તપાસનાં કામે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા તેમજ તપાસનાં કામે બનાવવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામું કરેલ, જે પંચનામુ આંક–૧૪ માં પંચોની અને રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે ઈજા પામનાર ફરીયાદીનુ ભાવસિંહજી હોસ્પી. પોરબંદર ખાતેથી સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ, જે આંક–૨૯ વાળુ સારવાર સર્ટીફીકેટ ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામના આરોપીની ધોરણસર અટક કરેલ અને આરોપીએ ગુનાના કામે વાપરેલ લાકડી રજુ કરતા હોય જે લાકડી કબ્જે કરેલ અને તે અંગેની મુદ્દામાલ પાવતી તૈયાર કરેલ, જે આંક–૨ વાળી મુદ્દામાલ પાવતી ઓળખી બતાવે છે અને આરોપીની અટક/મુદામલ કબ્જે કર્યા અંગેનુ બે પંચોની હાજરીમાં પંચનામુ તૈયાર કરેલ જે અસલ પંચનામુ આંક–૧૫ માં પંચોની અને રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ પોરબંદર જીલ્લા મેજી. નું હથીયાર બંધી અંગેનું જાહેરનામું અમલમાં રહેલ ન હોય તે અંગેની ખરાઈ કરી અને જાહેરનામાની નકલો મેળવી ખરી નકલ કરી તપાસનાં કામે સામેલ રાખેલ, જે **આંક–૩૨ તથા આંક–૩૩** થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામના ઈજા પામનાર

ઘેલાભાઈ અરજનભાઈ મકવાણાનાઓને ફ્રેકચરની ઈજા થયેલ હોય જેથી આઈ.પી.સી. કલમ ૩૨૫ નો કલમ ઉમેરાનો રીપોર્ટ નામદાર કોર્ટમાં આપેલ. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકતા હોવાનું જણાવે છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. સાહેદ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉલટતપાસમાં તેઓએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** મને તપાસના કામે મળેલી ફરીયાદ કહેવાતા બનાવ બન્યાના બે દીવસ પછીની છે આમ આ ફરીયાદ ડીલે છે. ફરીયાદીએ ફરીયાદમાં ડીલેનુ કારણ જણાવેલ નથી. ફરીયાદીએ બનાવ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ હોવાનુ જણાવેલ નથી. મને તપાસના કામે મળેલી ફરીયાદમાં ફરીયાદીએ એવી હકીકત લખાવેલ નથી કે ''હુ ઘરેથી નીકળેલો ત્યારે રોડ ઉપર સરમણભાઈ ભેગા થયેલા અને ત્યાં બોલાચાલી થયેલી અને સીધુ લાકડી મને જમણી બાજુના ગોળાના ભાગે મારેલી, આ લાકડી મારતા હું નીચે પડી ગયેલો.'' બનાવ બનવાનુ કારણ એ છે કે મારા છોકરાને દબાવતા હતા હુ પડી ગયા બાદ છોકરા મારી ઘરવાળી ને બોલાવી લાવેલા'' જે ફરીયાદમાં જણાવેલ નથી. કહેવાતા બનાવવાળા વિસ્તારમાં દુકાનો તથા મકાનો આવેલ છે અને જાહેર વિસ્તાર છે. આંક–૨૯ વાળા મેડીકલ સર્ટી.માં ઈજા પામનારને ઈજા તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ થયેલાનુ જણાવેલ છે. મારી આખી તપાસમાં આરોપી શું ગાળો બોલેલા તેવી કોઈ હકીકત ખુલેલ નથી.

એ **<u>હકીકતનો ઈન્કાર કરેલ છે કે,</u>** પંચો રૂબરૂ કોઈ પંચનામા કરવામાં આવેલ નથી તેમજ તૈયાર પંચનામામાં પાછળથી પંચોની કોઈ સહીઓ લેવામાં આવેલ. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખેલ નથી, પરંતુ અમારી રીતે ફરીયાદને અનુરૂપ લખી લીધેલ છે. અમારી તપાસમાં આરોપી એ કહેવાતો કોઈ

ગુન્હો કર્યાનું ફલીત થતું નથી.આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે અને ખોટી જુબાની આપુ છુ. આરોપી વિરૂધ્ધ કોઈ પણ જાતનો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે અને ખોટી જુબાની આપુ છુ.

**(૯.૮). હવે આ કામે પુરાવા નુ વિષ્લેષણ તથા મુલ્યાંકન કરતા પહેલા કાયદા ની જોગવાઈયો ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ ની છે.**

**ઈ.પી.કો. કલમ ૩૧૯ માં વ્યથાની વ્યાખ્યા ધ્યાને લેતા** “ જે કોઈ વ્યકિત,બીજી કોઈ વ્યકિતને શારીરીક પીડા,રોગ કે અશકિત ઉપજાવે તેવુ કૃત્ય વ્યથા કહેવાય.”

**ઈ.પી.કો. કલમ–૩૨૧. સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરવી:– "** સ્વેચ્છાપૂર્વક વ્યથા જે કૃત્યનુ પરિણામ પોતે જાણવા સક્ષમ હોય તેમ છતા ઈરાદાપૂર્વક તે કૃત્ય કરીને કોઈને વ્યથા કરે તો તે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરી કહેવાય.”

**ઈ.પી.કો.કલમ–૩૯. સ્વૈચ્છાપૂર્વક:–** “કોઈ વ્યકિત એવા સાધનો વડે કોઈ પરીણામ નિપજાવે કે જેનાથી તે નિપજાવવાનો તેનો ઈરોદો હોય અથવા વાપરતી વેળા તે જાણતો હોય અથવા તેને માનવાને કારણ હોય કે તેથી તેવુ પરીણામ નિપજાવવાનો સંભવ છે ત્યારે તેણે સ્વૈચ્છાપૂર્વક તે પરીણામ નિપજાવ્યુ કહેવાય.”

**I.P.C. Sec. 323 - Punishment for voluntarily causing hurt —** Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**I.P.C. Sec. 325. Punishment for voluntarily causing grievous hurt.—** Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**પુરાવા નું પ્રથ્થકરણ , વિશ્લેષણ અને મુલ્યાંકન :-**

**(૯.૯).** આમ સબબ ગુનાના કામે ફરીયાદપક્ષના પુરાવાનુ વિશ્લેષણ કરતા પહેલા આ અગત્યની હકીકત નોંધવી જરૂરી જણાય છે કે કોર્ટે ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો છે પરંતુ કોઈ નિર્દોષ વ્યકિત ને સજા ન થાય તે પણ જોવા નુ હોય છે અને આરોપી વિરૂઘ ની ટ્રાયલ પુરી ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવુ અનુમાન ન્યાયાલય કરી શકે છે. આ તબકકે **Kali Ram vs State Of Himachal Pradesh (1973)**: The Supreme Court held that the accused is presumed innocent until the prosecution produces evidence proving guilt. Even with statutory exceptions, the burden remains on the prosecution to prove initial facts.

**State of Maharashtra v. Shivaji Haribhau Jirase, 2019 SCC OnLine Bom 4130.** Hon'ble Bombay High Court has held that; " There is an acquittal and therefore, there is double presumption in favour of the accused. Firstly, the presumption of innocence available to the accused under the fundamental principle of criminal jurisprudence that every person shall be presumed to be innocent unless he is proved guilty by a competent court of law. Secondly, the accused having secured acquittal, the presumption of their innocence is further reinforced, reaffirmed and strengthened by the trial court. For acquitting the accused, the Trial Court observed that the prosecution had failed to prove its case."

Also, in relation to the nature of proof to be adduced in a criminal case, the Court restated: " When the evidence adduced did not conclusively lead to the guilt of the accused and only pointed needle of suspicion towards the accused and nothing more, he cannot be committed because suspicion is no substitute for proof in criminal trial." Accordingly, finding no fault with the order passed by the Trial Judge, the High Court

held that the instant appeal deserves dismissal.

(૯.૧૦). આમ આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત રાજય ની વડી અદાલત ધ્વારા ઉપરોકત ચુકાદાઓ પ્રસ્થાપિત કર્યા મુજબ ફરીયાદીપક્ષ એ તેમનો કેસ નિશંકપણે પુરવાર કરે તો જ આરોપી ને સજા થઈ શકે તેમ છે અને જો ફરીયાદપક્ષ ચોકકસ પુરાવા થી હકીકત પુરવાર ન કરે તો તેનો લાભ આરોપી ને મળે તેમ છે. સદર કેસમાં ફરીયાદી ઘેલાભાઈ મકવાણા, બનાવ ને નજરે જોનાર સાહેદ વાલીબેન મકવાણા એ ફરીયાદ હકીકત ને સમર્થન આપતો પુરાવો આપી જણાવેલ છે કે આરોપી એ ફરીયાદી સાથે બોલાચાલી કરી લાકડી વડે કમર માં માર મારી, કમર ના ભાગે ગોળા નુ ફ્રેકચર કરેલ હોવા નુ જણાવેલ છે પંરતુ આ કામે ફરીયાદી એ ફરીયાદ માં આ બનાવ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ હોવા નુ જણાવેલ તેમજ ફરીયાદી એ ઉલટ તપાસ માં આવો કોઈ બનાવ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ ન હોવા નુ જણાવેલ છે. વધુમાં સાહેદ રાજાભાઈ પુંજાભાઈ એ આંક–૧૯ લગત ઉલટ તપાસ માં મારા કુવા ને તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ લાગેલ હતુ તેવુ મારા નિવેદન માં લખાવેલ હોવા ની હકીકત સ્વીકારેલ છે. હવે આ કામે એમ.એલ.સી. જે આંક–૨૯ થી રજુ છે તેમા ઈજા પામનારે જે બનાવ હકીકત જણાવેલ છે તેમા આરોપી એ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ લાકડી વડે માર મારેલ હોથી ઈજાઓ થયેલ હોવા નુ જણાવેલ છે.

આમ ફરીયાદપક્ષ નો સદર પુરાવો વંચાણે લેતા બનાવ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ છે પરંતુ ફરીયાદમાં, ફરીયાદી ની ઉલટતપાસ માં તથા સાહેદ રાજાભાઈ કોડીયાતર ની જુબાની માં બનાવ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ હોવા નુ જણાવી ને બનાવ ની તારીખ અંગે વિરોધાભાસી પુરાવો આપેલ છે.

**(૯.૧૧).** વિરોધાભાસ કોને કહેવાય અને તે કઈ રીતે સાબિત કરી શકાય તેની ચર્ચા માં ઉતરતા પહેલા **નામદાર સર્વોચ્ચ અદાલતના બંધારણીય બેંચની Tahsildar Singh Versus State Of Uttar Pradesh, 1959 (0) AIJEL-SC 31576** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે**,** " primarily concerning the interpretation of Section 162 of Cr.P.C. and Section 145 of the Evidence Act regarding the use of police statements to contradict witness testimony. Hon'ble Supreme Court clarified that omissions in police statements do not automatically constitute contradictions and can only be used to impeach a witness's credibility if they are inherently irreconcilable with the witness's court testimony."

**વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના Chandrappa VS State of Karnataka - 2007 2 Supreme 177.** In a murder case under IPC Sections 302, 324 r/w 149, the trial court acquitted noting inconsistencies like the wrong knife produced and unnatural routes taken, reinforced by date doubts. The Supreme Court upheld: If two views are possible on the basis of evidence on record and one favourable to the accused has been taken by the trial Court, it ought not to be disturbed by the Appellate Court.

આમ **તહેસીલદારસીંગ તથા ચંદ્રપ્પા** ના ચુકાદા માં નામદાર વડી અદાલત દ્વારા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો સાથે હાલના કેસનુ વિહંગાવલોકન કરતા સામાન્ય રીતે કોર્ટે પુરાવામાં સામાન્ય વિરોધાભાસ ની અવગણના કરવાની રહે છે વધુમાં જે વિરોધાભાસ ફરીયાદપક્ષના કેસ ના રૂટ ફોર્મને અસર કરતા હોય તેટલા પુરતો વિરોધાભાસ કોર્ટે ધ્યાને લેવો જોઈયે અને દરેક કેસની હકીકતો અને પુરાવા મુજબ આવેલ વિરોધાભાસ ની મુલવણી અને તારવણી કરવી જોઈયે. આ કામે ફરીયાદી**,** સાહેદો તથા ત.ક.અ. એ બનાવ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ હોવા નુ જણાવેલ છે પરંતુ બનાવ તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ

છે તે હકીકત ને સારવાર પ્રમાણપત્ર થી સમર્થન મળે છે. આમ બનાવ બનેલ હોવા ની હકીકત અંગે નો વિરોધાભાસી પુરાવો ફરીયાદપક્ષ ના કેસ ના રૂટ ફોર્મને અસર કરે તેવો વિરોધાભાસી પુરાવો બચાવપક્ષ ભારતીય પુરાવા અધિનિયમની **કલમ–૧૪૫ તથા કલમ–૧૬૨** ની જોગવાઈયો મુજબ રેકર્ડ ઉપર લાવેલ છે.

**(૯.૧૨).** આ કામે ફરીયાદ તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ દાખલ થયેલ છે અને તેમા બનાવ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ બનેલ હોવા નુ જણાવેલ છે. આમ ડીલે ફરીયાદ હોવા થી ફરીયાદ હકીકત ની વિશ્વસનીયતા ઘટી જતી હોય છે. આ હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત નો **Ramdas v.State of maharastra A.I.R.2007,SC,155.** " Mere delay in lodging the FIR is not fatal to the case of the prosecution. However, the fact that the report was lodged belatedly is a relevent factor of which the court must take notice."

આમ નામદાર વડી અદાલત ના પ્રસ્થાપિત સિઘાંત મુજબ પ્રથમ બાતમી રિપોર્ટ નોંઘવામાં વિલંબ થયેલ હોય તો તે ફરીયાદપક્ષ માટે ઘાતક હોય છે અને આ કામે બનાવ બનેલ હોવા ની તારીખ અંગે નો વિરોધાભાસી પુરાવો આવેલ હોવા થી ભલે કાયદામાં પ્રથમ બાતમી રિપોર્ટ આપવા માટે કોઈ સમય મર્યાદા નિર્ધારીત કરેલ ન હોય તો પણ ફરીયાદપક્ષ ને પુરાવા સાથે જોડતોડ/ચેડા (Manipulation) કરેલ હોવા ની હકીકત ને નકારી શકાય નહી અને શંકા નો લાભ આરોપી ને મળે તેમ છે.

**(૯.૧૩).** વધુમાં ફરીયાદી એ બનાવ બનેલ હોવા ની તારીખ અંગે વિરોધાભાસી પુરાવો આપેલ છે તે હકીકત ને ડોકટર શ્રી ના પુરાવા થી સમર્થન મળે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **PruthivirajJayantibhai Vanol Vs Dinesh Dayabhai Vala, 2021 (0) AIJEL-SC 67533.**

અભિનિર્ધારીત કરેલ છે કે,

“ **17.** Ocular evidence is considered the best evidence unless there are reasons to doubt it. The evidence of PW2 and PW10 is unimpeachable. It is only in a case where there is a gross contradiction between medical evidence and oral evidence, and the medical evidence makes the ocular testimony improbable and rules out all possibility of ocular evidence being true, the ocular evidence may be disbelieved. In the present case, we find no inconsistency between the ocular and medical evidence.”

આમ ડોકટર શ્રી એ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ-૪૬ મુજબ ફરીયાદી ને બનાવ માં તા.૧૭/૦૯/૨૦૨૩ ના રોજ થયેલ ઈજાઓ અંગે સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેથી આરોપી ને શિક્ષા ન કરી શકાય તેવુ નામદાર વડી અદાલતે ઠરાવેલ છે. આમ ફરીયાદ પક્ષે ફરીયાદ હકીકત તથા ઈ.પી.કો. કલમ-૩૧૯, ૩૨૦, ૩૨૩, ૩૨૫ ના તત્વો નિશંકપણે પુરવાર કરેલ ન હોય તેથી **મુધ્દા નં.૦૧ નો જવાબ હું નકારમાં** આપુ છું.

<u>**(૧૦). મુધ્દા ન.૦૨ :**</u>**-** મુદા નંબર-૦૨ ની ચર્ચા કરીયે તો ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે**, તમો આરોપીઓ એ ઉપરોકત બનાવ ના સમયે અને સ્થળે ફરીયાદી ને ભુંડી ગાળો દઈ જાન થી મારી નાંખવાની ગુનાહિત ધમકીઓ આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૫૦૪, ૫૦૬ (૨) મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?**

આમ ફરીયાદપક્ષ નો પુરાવો વંચાણમાં લેતા **ફરીયાદી એ આંક-૦૬ લગત**

**ની ઉલટ તપાસ** આરોપી એ કઈ ગાળો બોલેલ હતા તે ફરીયાદ માં જણાવેલ નથી. આરોપી ફરીયાદી ને બનાવ સમયે શું અપમાનજનક શબ્દો બોલેલા તે ફરીયાદ તથા જુબાની માં જણાવેલ નથી તેથી અપમાનજનક શબ્દો ની હકીકત પુરવાર કરી શકેલ નહી.

વધુમાં નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતે'' **Pravin Becherbhai Vankar Vs. State of Gujarat, 2006 Supreme(Guj) 682,** ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, *In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on Record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence.*

ફરીયાદપક્ષ નો પુરાવો તથા ઈ.પી.કો. કલમ-૫૦૬ (૨) ના તત્વો ધ્યાને લેવામાં આવે તો આરોપી એ બનાવ ના સ્થળે અને સમયે ફરીયાદી ને જાન થી મારી નાંખવાની તથા ગુનાહિત ધમકીઓ આપીને ભય તથા ત્રાસ આપેલ છે પરંતુ બનાવ બન્યા પછી ફરીયાદી સતત ભય માં રહેલ હોય કે આપેલ ધમકીઓ થી તેઓ નુ નિયમિત કામકાજ ભય ના કારણે થયેલ ન હોય અને ઘર છોડી ને જતા રહેલ હોય કે કોઈ નુકસાન થયેલ છે કે કેમ તે બાબતનુ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ ફરીયાદપક્ષે ઈ.પી.કો. કલમ-૫૦૪ તથા કલમ- ૫૦૬ (૨) ના તત્વો નિશંકપણે પુરવાર કરેલ નથી. આમ ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા **મુદ્દા નં.૦૨** નો જવાબ હું નકારમાં આપુ છું.

**(૧૧). મુદદા નં. ૩ :–**. આ કામ ના મુદ્દા નં.૦૧ તથા ૦૨ નો નિર્ણય નકાર માં ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતા ન્યાય ના વિશાળ હીત માં મુદદા નં.૩ લગત નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧).** આ કામના આરોપીને સી.આર.પી.સી.,૧૯૭૩ ની કલમ–૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨) મુજબના ગુના ના કામે શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** વધુમાં, આરોપીએ અગાઉ રજુ રાખેલ જાત જામીનને સી.આર.પી.સી. કલમ–૪૩૭–એ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૦૬ ઠી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.04.06 11:55:48 +0530

**તા.૦૬/૦૪/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ :–રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO.GJ 01439.**